છેલ્લા ૧૦ વર્ષથી પાટણના ખારેડા બસ ડેપોમાં એક પણ બસ ન આવતા રહીશોમાં આક્રોશ

પાટણ, તા. ૧૭

પાટણ તાલુકાના ખારેડા ગામે છેલ્લા દસ વર્ષથી એસ.ટી. બસ ન આવતી હોવાથી રોજના ૨૦૦ થી વધારે વિદ્યાર્થીઓ અને ૧૦૦ વધારે ધંધા રોજગાર અર્થે મુસાફરી કરતા મુસાફરો દરરોજ ખાનગી વાહનોમાં ઘેટા-બકરાની જેમ બેસી જોખમી મુસાફરી કરી રહ્યા છે. તો આ મુશ્કેલીથી કેટલીક ટિકરીઓએ તો પોતાના અભ્યાસ અધૂરો છોડી દીધો છે. જેને લઈ મુસાફરો અને ગ્રામજનોએ આ મામલે એસ.ટી.તંત્ર વિરૂદ્ધ ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે. અને તાત્કાલિક ધોરણ બસ સેવા શરૂ કરવા માંગણી કરી છે. અન્યથા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

મળતી માહિતી અનુસાર પાટણના ખારેડા ગામે છેલ્લા ૧૦ વર્ષથી એસ.ટી. બસની સગવડ ન હોવાથી દરરોજ ખાસ કરીને વિદ્યાર્થીઓ અને ધંધા રોજગાર અર્થે બાજુના શહેરમાં જતા મુસાફરો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે ત્યારે પાટણ-ડીસા હાઈ-વે પર ભાટસણથી અંદર ૫.૫૦ કિ.મી.ના અંતરે આવેલ ખોરડામાં માત્ર ને માત્ર સરકારી કાર્યક્રમ હોય ત્યારે જ લોકોને લેવા મુકવા સરકારી બસ આવે છે. તે સિવાય કોઈપણ બસ આવતી નથી તેવા ફરિયાદ પણ મુસાફરો કરી રહ્યા છે. તો બીજી તરફ હાલ રાજ્ય સરકાર ગામડે-ગામડે કન્યા કેળવણીના કાર્યક્રમ યોજી રહી છે. ત્યારે પાટણના છેવાડાના ખોરડા ગામમાં બસના અભાવે કેટલીક ટિકરીઓએ અભ્યાસ અધૂરો છોડી દીધો છે. આ મામલે સ્થાનિક નેતાઓ અને સરપંચ પણ ઉદાસીન વલણ દાખવી રહ્યા છે. પરિણામે ૧૦ વર્ષથી મુશ્કેલી વેઠી રહેલા મુસાફરોનો હાલ આ મામલે એસ.ટી. તંત્ર વિરૂદ્ધ આક્રોશ ભભૂકી ઉઠ્યો છે. અને તંત્ર તાત્કાલિક ધોરણે પાટણ, ડીસા અને પાલનપુર રેપોની ૨-૨ બસો શરૂ કરવા માંગણી કરી રહ્યા છે. અન્યથા આગામી સમયમાં આ સંદર્ભે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી પણ ઉચ્ચારી છે.

છોટે મોરારિ બાપુના હસ્તે વિદ્યાર્થિનીઓને કિટ્સનું વિતરણ

ડીસા, તા. ૧૭

ડીસાના સાંઈબાબા મંદિરના પટાંગણમાં માર્ચ મહિનામાં કન્યા કેળવણી નિમિત્તે રામકથાનું આયોજન કરવામાં આવ્યું હતું તે નિમિત્તે ડીસાના સાંઈબાબા મંદિર ખાતે સાંઈબાબા ટ્રસ્ટ અને મારૂતી જનસેવા ટ્રસ્ટ દ્વારા ડીસાના ગરીબ પરીવારના ધોરણ-૧ થી ૦૩ વિદ્યાર્થીનીઓને છોટે મોરારીબાપુના હસ્તે સ્કૂલ બેગ, ચોટલ બેગ, લંચ બોક્ષ, કંપાસ અને નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંઈબાબા ટ્રસ્ટના હોદેદારો તથા મારૂતી ટ્રસ્ટના સભ્યો અને ડીસાના સીનીયર સીટીજનો તથા વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શિહોરીથી જરા ને.હા. નં. ૧૪ પર વહેલી સવારે ૪.૩૦ કલાકે કેમિકલ ભરેલ ટેન્કર નં. જીજે-૧૨-એટી-૭૦૩૫ કંડલાથી ભરીને કરીદાબાદ જતું હતું ત્યારે અંબાજી પાટીયા પાસે આગળ જતી ટ્રકવાળાએ અચાનક બ્રેક મારતાં ગાડી રોડની સાઈડ૩માં ઉતરી જતાં પલટી મારી ગયું હતું. સદનસીબે કોઈ જાનહાની થઈ નહોતી. પરંતુ ટેન્કરને મોટું નુકસાન થયું હતું તેમ ગાડીના ચાલક મગારામ શિયાગે જણાવ્યું હતું. (તસવીર : હેમુભા વાઘેલા)

કાંકરેજ તાલુકાના વડા પ્રાથમિક શાળાની પેટા શાળા છટોસણ પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ-૨૦૧૨ માં બાળકોને પ્રવેશોત્સવ કાર્યક્રમમાં આચાર્યશ્રી કાબાભાઈ દેસાઈ, વિમળાબેન પટેલ, કોજદારસિંગ રાજપૂત, પ્રકાશભાઈ પટેલ તથા શાળામાં પ્રવેશોત્સવમાં ભાગ લેનાર બાળકો તેમજ વાલીઓએ ભાગ લીધો હતો. શાળાના આચાર્યશ્રીએ વિદ્યાની દેવી સરસ્વતીજી માતાજીનો દીપ પ્રગટાવી ખુલ્લો મૂકવામાં આવેલ. આ પ્રસંગ શાળાના આચાર્યશ્રીએ બાળકોને કંકુ તિલક કરી સ્લેટ, પેન, પુસ્તક ભેટ આપી પ્રવેશ કરાવવામાં આવેલ. આ કાર્યક્રમની આભારવિધિ વિમળાબેન પટેલે કરી હતી. આ કાર્યક્રમથી બાળકો તેમજ છટોસણ વિસ્તારના રહીશોએ હર્ષ ઉલ્લાસથી ભાગ લીધો હતો. (તસવીર : રામજીભાઈ રાયગોર)

પ્રાંતિજમાં બળિયાદેવ અને કાંઠાવારા માતાજીની મૂર્તિઓનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૭

પ્રાંતિજના પીરાણિક ધામ સમા માર્કન્ડેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ પ્રાચિન બળીયાદેવ અને કાંઠાવારા માતાજીના મંદિરની મૂર્તિઓ ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ વિશાળ જનમેદની વચ્ચે રંગે-ચંગે ઉજવાયો.

આ ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન હવન, પૂજન, શોભા યાત્રા જેવા અનેક ધાર્મિક પ્રસંગો યોજી ભૂદેવોના હસ્તે માતાજી અને બળીયાદેવની મૂર્તિઓની પ્રાતણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. બાદમાં ભાવિકભક્તો મૂર્તિઓની પૂજા અર્ચના અને દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. તો ઉપસ્થિત સર્વે ભાવિકોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

સાબરકાંઠા જિલ્લા ક્ષત્રિય સમાજ દ્વારા ચોપડા વિતરણ કરાયું

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લા ક્ષત્રિય સમાજના ઉપક્રમે હિંમતનગર તાલુકાના સાયબાપુર, સરોલી અને દેરોલ ગામની પ્રાથમિક શાળામાં ભણતા ધોરણ-૩થી ૮ના વિદ્યાર્થીઓને દાતા સરદારસિંહ પરમારના હસ્તે મફત ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ચોપડા વિતરણ કાર્યક્રમમાં સંસ્થાના અન્ય હોદેદારો પણ હાજર રહ્યા હતા અને તેમણે પણ બાળકોને ચોપડાનું વિતરણ કર્યું હતું. જેમાં મોટી સંખ્યામાં મહાનુભાવો, વાલીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કાંકરેજ તાલુકાની વડા ક્ષેત્ર વાસ પ્રા. શાળા પાણી અને રસ્તાથી વંચિત

કાંકરેજ, તા. ૧૭

કાંકરેજ તાલુકાની વડા ક્ષેત્રવાસ પ્રાથમિક શાળામાં ધોરણ-૧થી ૬ના બાળકો ૪૫૦થી પણ વધારે ભણવા માટે જાય છે પરંતુ સ્કૂલમાં જવા માટે રોડ અને પીવાના પાણીની બિલકુલ વ્યવસ્થા ન હોવાના કારણે બાળકો સ્કૂલમાં જવાનું ટાળતા હોય છે. ગુજરાત સરકાર શાળા પ્રવેશોત્સવ કરીને શિક્ષણનો વ્યાપ વધારવા પ્રયત્નો કરે છે પણ શાળામાં વિજળી, પાણી, રસ્તાની પણ વ્યવસ્થા સરકાર કરે છે પરંતુ વડા ક્ષેત્રવાસ પ્રાથમિક શાળામાં એવો તે ક્યો ગ્રહ આડો આવે છે જ્યાં બાળકોને જાતે દૂર દૂર સુધી પાણી ભરી લાવીને શિક્ષકોને પિવરાવીને બાળકો પિતાં જોવા મળે છે.

આ અંગે તાલુકા પંચાયત કાંકરેજમાં લેખીત રજૂઆત કરતાં પાણીની પાઈપ લાઈન મંજુર કરવામાં આવેલ છતાં તાલુકાના અધિકારીઓએ કોન્ટ્રાક્ટરને કામ આપી આ પાઈપ લાઈનને બે મહિના થવા છતાં હજુ સુધી પાઈપલાઈન નાખ્યા વગર જ બિલના નાણાં ઉપાડી લીધેલા છે તેવું લોકમુખે ચર્ચાએ જોર પકડેલ છે તો સરકારના પૈસે બીજા જલસા કરેને બાળકો તરસે મરે આ વિનંતી કાંકરેજ તાલુકા પંચાયત ચાલતું હશે જેવી અટકળો લોકમુખે ચર્ચાય છે તો પાઈપલાઈનનું કામ સત્વરે પૂર્ણ કરાશે કે પછી પૂર્ણ વિરામ ?

(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

ગાડી પલ્ટી ખાતા ચાલકને ગંભીર ઈજા

ડીસાના કંટ્રોલ તરફથી ડીસા તરફ આવી રહેલ ટ્રીચો ગાડીના ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતાં ગાડી ૩જેટલી પલ્ટી ખાઈ દિવાલ સાથે અથડાતા ચાલકને ગંભીર ઈજાઓ થવાથી સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ડીસાના કંટ્રોલ પર દાંતિવાડા તરફથી ટ્રીચો ગાડી (નં. જીજે-૮-આર-૩૫૮૨) પુર ઝડપે ડીસા તરફ આવી રહી હતી ત્યારે જવાહર કાર્મ નજીક ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતાં ગાડી ૩ પલ્ટી ખાઈ દિવાલ સાથે અથડાતા ગાડીનો ભૂક્કો બાલી ગયો હતો. જ્યારે ચાલક ભરતભાઈ શંકરભાઈ ખત્રી (રહે. અંબિકા ચોકડીઆ)ને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. આથી દોડી આવેલા લોકોએ ઘવાયેલ ચાલકને તરત જ ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

ગાંધીનગરસમાચાર

બ્લોક નં. ૬૮૪/૫, સેક્ટર-૮, ગ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં		
મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩ ૩૩૩૪૩
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧ ૮૮૭૯૯
જયંક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૯૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩ ૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૯૯૪૭૬૧૭
રમેશભાઈ વેષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૫૪૯૯
કોરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩
મયુર ધ્વજસિંહ વાઘેલા	માણસા	૯૮૭૯૦૯૯૯૩૩
વિઠલભાઈ સુથાર	લક્ષ્મીપુરા	૯૪૦૮૧૨૫૧૧૫
મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં		
ગણપતભાઈ જોષી	પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.)	૯૩૭૫૦૩૬૦૬૧
મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ)	૯૯૭૯૪૦૨૫૩૩
હરેશ જોષી	પાલનપુર	૮૦૦૦૯૧૧૬૧૬
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેષુભા વાઘેલા	પાટણ	૯૯૯૮૨૧૦૪૩૬

ચક્ષુદાન-મહાદાન

ઉંબરી બેણાવાસ પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

કાંકરેજ, તા. ૧૭

કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ અંતર્ગત કાંકરેજ તાલુકાના ઉંબરી બેણાવાસ ગામે ઉંબરી બેણાવાસ પ્રાથમિક શાળામાં રાજ્યના આરોગ્ય કમિશનર ટી.કે. તનુજભાના અધ્યક્ષસ્થાને શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો.

આ શાળા પ્રવેશોત્સવના પ્રારંભે રાજ્ય આરોગ્ય કમિશનર ટી.કે. તનુજભાએ પોતાના વક્તવ્યમાં બાળકોને પોતાના આરોગ્ય વિશેની માહિતી આપી શિક્ષણ ઉપર વધુમાં વધુ ભાર મુકી બ્લડી-ગણી ઉચ્ચ શિક્ષા હાંસલ કરવા આહવાન કર્યું હતું અને શાળામાં ધોરણ-૬માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને સાયકલ અને ચેક અર્પણ કર્યા હતા. તેમજ ભૂલકાઓ અને ધોરણ-૧ના બાળકોને શાળામાં પ્રવેશ અપાવ્યો હતો.

જ્યારે મકાણી સોલંકી અને સરપંચ વિષનુભાએ પણ વક્તવ્ય આપ્યું હતું અંતે સર્વે મહાનુભાવોએ ઉંબરી પી.એસ.સી. સેન્ટરમાં વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા આરોગ્ય અધિકારી આચાર્ય, મુકાદ્દમ સોલંકી સહિત શાળા પરિવારના સભ્યો અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

રક્તદાન મહાદાન

બનાસકાંઠાના કાંકરેજ તાલુકાનો હાલ કુદકે ને ભૂસકે વિકાસ થઈ રહ્યો છે ત્યારે થરા એસ.ટી. સ્ટેન્ડની હાલત ભલભલા મુસાફરોના રૂંવાટા ઉભા કરી નાખે તેવી પરિસ્થિતિ છે. થરા બસ સ્ટોપમાં મુસાફરોને બેસવા માટેના બાંકડા પાણીમાં ડુબાયેલા છે. તો છતના પતરાં તૂટી ગયેલા છે અને વરસાદના માહોલમાં વરસાદી પાણી ટપકયા રાખે છે. જ્યારે વરસાદ પાણીથી ભારે કાદવ કિચડ અને કચરાની ગંદકીથી બસ સ્ટેન્ડ ખદબદી ઉઠ્યું છે અને બસમાં મુસાફરી કરી થરા બસસ્ટેન્ડમાં ઉતરનારા મુસાફરોએ પગ ક્યા મુકવો તેમ વિચારતા રહી જાય છે.

રાજસ્થાન મહિલા સંસદીય સચિવનો હિંમતનગરમાં મહિલા સંગઠ્ઠન મજબૂત કરવાનો પ્રયાસ

હિંમતનગર, તા. ૧૭

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી જેમ-જેમ નજીક આવતી જાય છે તેમ તેમ બધા જ રાજકીય પક્ષો પોતાની પાર્ટીની બધી જ પાંખો મજબૂત કરવા લાગી ગયા છે. આવા જ એક અભિગમથી સાબરકાંઠા મહિલા કોંગ્રેસ સંગઠનને મજબુત કરવા માટે રાજસ્થાન સરકારના સંસદીય સચિવ અને ઓલ ઈન્ડિયા મહિલા કોંગ્રેસના મહામંત્રી જાહેદાખાને પ્રયાસો હાથ ધર્યા છે.

સંગઠન મજબુત કરવાના સુંદર હેતુસર રાજસ્થાનથી હિંમતનગર ખાતે પધારેલા કોંગ્રેસના મહામંત્રી જાહેદાખાને ઈડરમાં મહિલા સંમેલન યોજી રેલી કાઢી હતી અને મહિલાઓના પ્રશ્નો બાબતે ઈંડર મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું અને ગુજરાતમાં મહિલાઓ ઉપર થતા અત્યાચારો અને ઘોળા દિવસે મહિલાઓના ગળામાંથી ચોરાતા સોનાના દોરા જેવા બનાવો બંધ થાય તથા મહિલાઓને સુરક્ષા મળે તેવી માંગણી કરી હતી.

રેલીમાં જિલ્લા મહિલા પ્રમુખ નિર્મલાબેન પંચાલ, રંજનબેન, કમળાબેન પરમાર, મંદાબેન લીંબાવીયા વગેરે આગેવાન મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

મિશન મંગલમ યોજના અંતર્ગત કેશ કેડિટ લોન પર ૫ ટકા વ્યાજ સબસીડીનો લાભ લેવાનું શરૂ કરતા મહેસાણા જિલ્લાનાં સખીમંડળો

મહેસાણા, તા. ૧૭

આજે જ્યારે મોંઘવારી માઝા મૂકી રહી છે ત્યારે ગરીબ અને મધ્યમ વર્ગનાં કુટુંબો માટે જીવનધોરણ ટકાવી રાખવા નાણૂટકે શાહુકારો પાસેથી ૨૦થી ૩૬ ટકા જેલા ઉંચા વ્યાજ દરે નાણાં લેવા પડે છે. મિશન મંગલમ યોજના ગરીબીરેખા નીચે જીવતાં આવાં પરિવારોના સભ્યોને સ્વ સહાય જુથો/સખીમંડળોમાં સંગઠિત કરી તેમને બેન્ક સાથે લઘુ ધિરાણ દ્વારા જોડીને સુચ્યવસ્થિત પ્રક્રિયા દ્વારા કૌશલ્ય તાલીમ અને માર્કેટીંગ જોડાણ આપી કાયમી આજીવિકા સાથે જોડીને ગરીબીમાંથી બહાર લાવવાના હેતુથી શરૂ કરવામાં આવી છે. આ યોજનામાં ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. અને સ્ટેટ લેવલ બેન્કર્સ કમીટી વચ્ચે થયેલ સમજૂતી કરાર મુજબ પાત્રતા ધરાવતાં સ્વ સહાય જુથોને ઓછામાં ઓછી રૂ. ૫૦,૦૦૦ થી રૂ. ૧,૦૦,૦૦૦ સુધીની કેશ કેડિટ આપવાનું મંજુર થયેલ છે.

મહેસાણા જિલ્લામાં કુલ ૮૬૪૮ સ્વ. સહાય જુથો/ સખીમંડળોની રચના થયેલ છે. જે પૈકી મે-૨૦૧૨ સુધી ૩૪૦૪ સ્વ સહાય જુથો/સખીમંડળોની બેન્કો દ્વારા રૂ. ૫૬ કરોડની કેશ કેડિટ મંજુર કરવાની પ્રસંશનીય કામગીરી થયેલ છે. જેમાંથી ૨૨૩૪ સખીમંડળોએ રૂ. ૧૩ કરોડનું ધિરાણ મેળવી વિવિધ આર્થિક પ્રવૃતિ હાથ ધરી છે. વધુમાં શાહુકારોનાં વ્યાજનાં વિષચક્રથી મુક્ત થયા છે.

એપ્રિલ-૨૦૧૨ થી ગુજરાત સરકાર દ્વારા સ્વસહાય જુથોને ધિરાણ પર ૫ ટકા વ્યાજ સબસીડી જાહેર થયેલ છે. તથા સ્ટેમ્પ ડયુટી માફીની મર્યાદા રૂ. ૧ લાખથી વધારીને રૂ. ૨ લાખ કરવામાં આવેલ છે.

૫ ટકા વ્યાજ સબસીડીનો લાભ મહત્તમ સ્વ સહાય જુથોની બહેનો સુધી પહોંચે તે હેતુસર મે-૨૦૧૨ થી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તથા તાલુકા પંચાયત, મિશન મંગલમ્ દ્વારા માઈક્રોકાયનાન્સ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત બેન્કોમાં ૬૨ મંગળવારે બપોરના ૧.૦૦ થી ૩.૦૦ વાગ્યા સુધીનો સમયગાળો ખાસ સ્વસહાય જુથોને ધિરાણ આપવા સંબંધિત કામગીરી કરવા માટે નક્કી કરવામાં આવ્યો છે. આ સાથે અન્ય કામકાજના દિવસોમાં પણ બેન્ક દ્વારા સ્વસહાય જુથો કામગીરી કરવાની તો થાય જ છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં આધતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડ્યર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર કીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૯૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગરસમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૬૨૨૬૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન